# મહાનગરપાલિકા, જૂનાગઢ
## કરાર આધારિત ભરતી અંગેની જાહેરાત
## વોક–ઈન ઈન્ટરવ્યુ

જૂ.મ.ન.પા./એ.ડી.એમ./મહેકમ/જા.નં.૭૬૧ તા.૩૦/૦૯/૨૦૨૧

જૂનાગઢ મહાનગરપાલિકામાં ફાયર શાખાની કામગીરીની જરૂરીયાતને ધ્યાને લઈ નીચે જણાવેલ જગ્યા માટે લાયકાત/અનુભવ ધરાવતા ઉમેદવારોને કોઈપણ જાતના હકક–હિસ્સા વગર કોન્ટ્રાકટ બેઈઝથી તદન હંગામી ધોરણે માસ–૬ માટે કરાર આધારીત ફિકસ પગારથી નિમણુંક આપવાની થતી હોય, જે અંગે નીચે મુજબની જગ્યા માટે યોગ્યતા અને અનુભવ ધરાવતા ઉમેદવારોએ તેઓની શૈક્ષણિક લાયકાતો અને અનુભવના પ્રમાણપત્રો અને પ્રોસેસીંગ ફી પેટે બિન અનામત અને આર્થિક અનામત કેટેગરીના ઉમેદવારોએ રૂા.૧૦૦/– ઓબીસી ઉમેદવારોએ રૂા.૫૦/–નો ડિમાન્ડ ડ્રાફ્ટ (ફકત એસ.બી.આઈ. – નોનરીફંડેબલ) "કમિશનરશ્રી, મહાનગરપાલિકા, જૂનાગઢ"ના નામનો અરજી સાથે જોડવાનો રહેશે. એસ.સી., એસ.ટી. કેટેગરીના ઉમેદવારોએ ડિમાન્ડ ડ્રાફ્ટ જોડવાનો રહેશે નહી. ઉમેદવારોએ તા.૧૪/૧૦/૨૦૨૧ ના રોજ સવારના ૧૦:૦૦ કલાક થી ૧૨:૦૦ કલાક સુધી રજીસ્ટ્રેશન નીચે જણાવેલ સરનામે કરાવવાનુ રહશે. ત્યારબાદ વોક–ઈન ઈન્ટરવ્યુ માં હાજર રહેવાનુ રહેશે. સમયમર્યાદા બાદ આવેલ ઉમેદવાર અને લાયકાત તથા અનુભવ ન ધરાવતા ઉમેદવારોની અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી. આ જાહેરાત જુનાગઢ મહાનગરપાલિકાની વેબસાઈટ : junagadhmunicipal.org પર જોઈ શકાશે.

| ક્રમ | જગ્યાનુ નામ | શૈક્ષણિક લાયકાત | જગ્યાની સંખ્યા | ઉંમર વર્ષ | માસિક મહેતાણું |
|---|---|---|---|---|---|
| ૧ | આસિ. ફાયર ઓફિસર | માન્ય યુનિ.ના સ્નાતક અને માન્ય ફાયર એકેડમીનો સબ ઓફિસર વર્ગનો ફાયરનો કોર્ષ અને ૩ વર્ષનો સરકારી, અર્ધસરકારી કે સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં કામગીરીનો અનુભવ | ૧ | ૩૫ વર્ષ સુધી | ૧૦,૫૦૦/– (ફિક્સ) |

**શરતો :–**

૧. ઉમેદવારોએ સ્વહસ્તાક્ષરે અરજી કરવાની રહેશે અને અરજીમાં મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ આઈ.ડી. સાથે પાસપોર્ટ સાઈઝ ફોટો જોડવાનો રહેશે તથા અરજીની સાથે શૈક્ષણિક લાયકાત, અનુભવ, સ્કુલ લિવીંગ સર્ટી અને જાતી અંગેના પ્રમાણપત્રોની પ્રમાણીત નકલ બીડવાની રહેશે.

૨. અનામત સંબંધી વિવિધ લાભો જેવા કે વયમર્યાદામાં છુટછાટ, અરજી ફીમાં માફી તથા અન્ય તમામ લાભો મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ જાતિનું પ્રમાણપત્ર તથા નોન ક્રિમિલેયર સર્ટીફીકેટ સામેલ રાખવાનુ રહેશે.

૩. ઉપરોકત જગ્યા માટે લાયકાત તથા અનુભવ ધરાવતા યોગ્ય ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે.

૪. માગ્યા મુજબ અનુભવ ધરાવતા એક પણ ઉમેદવાર ઉપલબ્ધ નહી થયેથી ફકત અનુભવમાં છુટ–છાટ આપવાની સતા કમિશનરશ્રીની રહેશે.

૫. એસ.સી/એસ.ટી./અન્ય પછાત વર્ગના ઉમેદવાર માટે ઉપલી વય મર્યાદામાં વધુમાં વધુ પાંચ વર્ષ સુધીની છુટછાટ આપી શકાશે. જે ઉમેદવારે આ લાભ મેળવવાનો થતો હોય, તેઓએ નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ અને જાતી અંગે પ્રમાણપત્ર ની પ્રમાણીત નકલ જોડવાની રહેશે.

૬. આ જગ્યા કરાર આધારીત હોઈ નિયત મહેનતાણા સિવાય અન્ય કોઈ લાભ મળવાપાત્ર રહેશે નહી.

૭. યોગ્ય લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારોને જ વોક–ઈન ઈન્ટરવ્યુમાં પ્રવેશ આપવામાં આવશે.

૮. જે અરજદારોએ વોક–ઈન ઈન્ટરવ્યુમાં અરજી સાથે તેઓએ અસલ દસ્તાવેજો સાથે સ્વખર્ચે સુચવ્યા મુજબના સ્થળે આવવાનુ રહેશે. આ અંગે કોઈ ખર્ચ મ.ન.પા. તરફથી ચુકવવામાં આવશે નહી.

૯. જૂનાગઢ મહાનગરપાલિકા સેવા(ભરતી–બઢતી) નિયમો–૨૦૨૦ મુજબ સીધી ભરતી પ્રક્રિયા પુર્ણ થયેથી ૬ માસ પુર્ણ થયેલ ન હોય તો પણ કરાર રદ કરવામાં આવશે.

૧૦. ઉપરોકત ભરતીમાં કોઈપણ બાબતે ફેરફાર કરવાનો અધિકાર કમિશનરશ્રી, મહાનગરપાલિકા, જૂનાગઢનો રહેશે.

સ્થળ :–
કમિશનરશ્રીનું કાર્યાલય,
મહાનગરપાલિકા કચેરી, આઝાદ ચોક, જૂનાગઢ

મહેકમ અધિકારી
મહાનગરપાલિકા, જૂનાગઢ